Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Education - ISSN : 2320-0014

Continuous Issue-18 | May – June 2018

# ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા સંવર્ધન માટે રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાયન પરિષદ (NAAC) ની ભૂમિકા

**સારાંશ:**

પ્રવર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા એ અતિ અગત્યની બાબત બની છે. ભારતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને (UGC- University Grant Commission) સપ્ટેમ્બર ૧૯૮૪માં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા જળવાય તે માટે NAAC (National Assessment and Accreditation Council) ની સ્થાપના કરી. ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણનીતિની ભલામણને લઈને NAAC ની સ્થાપના કરવામાં આવી. NAAC એક સ્વાયત સંસ્થા છે. હાલમાં ભારતની વિવિધ યુનિવર્સિટી અને કોલેજોમાં ગુણવત્તાના શિક્ષણ માટે NAAC સ્વાયત સંસ્થા તરીકે કામ કરી રહી છે. ગુણવત્તા માટે કેટલાક ધારાધોરણ NAAC દ્વારા નક્કી કરવામાં આવ્યાં છે. પ્રસ્તુત લેખમાં ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા સંવર્ધન માટે રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાયન પરિષદ (NAAC) ની ભૂમિકા અંગેની માહીતિ આપવામા આવી છે.

**ચાવીરૂપ શબ્દો:** મૂલ્યાંકન, માપદંડ, ગુણવત્તા

## ❖ રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાયન પરિષદ (NAAC):

NAAC નું પૂરૂં નામ National Assessment and Accreditation Council એટલે રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાયન પરિષદ છે. NAAC એ ગુણવત્તા વધારવાની દિશામાં કામ કરતી રાષ્ટ્રીય કક્ષાની રવાયત સંસ્થા છે. જેની સ્થાપના ભારતની યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને (UGC) કરી છે. આ સંસ્થા ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું ગુણવત્તાની દ્રષ્ટિએ મૂલ્યાંકન કરનારી સંસ્થા છે. ૧૯૮૬ની રાષ્ટ્રીથ શિક્ષણનીત્તિની ભલામણ મુજબ ભારતમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની ગુણવત્તા બાબતે ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. જેના પરિણામે NAAC સંસ્થા ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા માટે કાર્યરત છે.

છેલ્લા ૫૦ વર્ષ દરમિયાન ભારતમાં ઉચ્ચ શિક્ષણની પદ્ધતિ ખૂબ વિસ્તરી છે. પરતુ ભારતમાં કાર્યરત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તાની ખાતરી માંટે સંતોષકારક કોઈ કાર્ય પદ્ધતિ ન હતી. ભારતમાં બિલાડીના ટોપની જેમ ઊભી થયેલી સંસ્થાઓની ઊતરતી કક્ષાની સુવિધાઓની તપાસં કરવાનું કામ NAAC સંસ્થા કરે છે. રાષ્ટ્રીય શિક્ષણનીત્તિ ૧૯૮૬ અને Plan of Action (1992) ની નીતિ પ્રમાણે ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં થઈ રહેલા ગુણવત્તાના બગાડ માટે એક રાષ્ટ્રીયકક્ષાની સ્વાયત સંસ્થાની સ્થાપના માટે ભલામણ કરવામાં આવી. આમ, ૧૯૯૪ માં NAAC સંસ્થાની સ્થાપના બેંગ્લોરમાં કરવામાં આવી હતી.

NAAC સંસ્થા તેની સામાંન્ય સમિતિ અને કારોબારી સમિતિ દ્વારા ગુણવત્તાના કાર્યો કરે છે. જેમાં ઉચ્ચ શિક્ષણમાંથી સારા વહીવટકર્તા, નીતિ ઘડનારા અને વરિષ્ઠ શિક્ષણવિદો પ્રતિનિધિ તરીકે કાર્ય કરે છે. UGC ના અધ્યક્ષ એ NAAC ની સામાન્ય સમિતિના અધ્યક્ષ હોય છે. જ્યારે NAAC ની કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે સુવિખ્યાત શિક્ષણવિદ કાર્ય કરે છે. NAAC ના નિયામક શૈક્ષણિક અને વહીવટી વડા છે અને કારોબારી સમિતિના

સભ્ય કે મંત્રી તરીકે હોય છે. NAAC માં સલાહકાર સમિતિ અને સલાહ મસલત સમિતિ હોય છે. જે ઉત્તમ વ્યવહારો માટે માર્ગદર્શન આપે છે. આ સાથે કાયદાકીય સમિતિ પણ હોય છે. NAAC ની પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા માટે સાથી કર્મચારીઓ અને સલાહકારો પણ કાર્યરત છે. સમગ્ર ભારતમાંથી બાહ્ય સ્રોત તરીકે વિશેષ વ્યક્તિઓની મદદ લેવામાં આવે છે. આવી વ્યક્તિઓ NAAC માં પૂર્ણ સેવા આપતી નથી. ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની બાહ્ય અને આંતરિક ગુણવત્તાનું મૂલ્યાંકન, સંવર્ધન, નાવીન્યપૂર્ણ સંયોજન કરવું એ NAAC નું દર્શને છે.

જ્યારે NAAC નું લક્ષ્ય (Mission) નીચે પ્રમાણે છે:

- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને તેના એકમો, કાર્યક્રમ અથવા યોજનાનું મુલ્યાંકન/ ગુણાંકન માટેની વ્યવસ્થા.
- ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અધ્યયન, અધ્યાપન અને સંશોધનના સંવર્ધન માટે શૈક્ષણિક પર્યાવરણ ઊભા કરવું.
- ઉચ્ચ શિક્ષણમાં સ્વ-મૂલ્યાંકન, ઉત્તરદાયિત્વ, સ્વાયતતા અને નાવીન્યને પ્રોત્સાહન આપવું.
- ગુણવત્તા સંબંધિત સંશોધન અભ્યાસો, પરામર્શન અને તાલીમી કાર્યક્રમો હાથ ધરવા.
- ઉચ્ચ શિક્ષણના ગુણાત્મક મૂલ્યાંકન, સંવર્ધન અને સંયોજન માટે સંહાયકોનો સહયોગ.
- NAAC તેના દર્શન અને લક્ષ્યપ્રાપ્તિ માંટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્વીકારાયેલીપ્રક્રિયા દ્વાર ગુણવત્તાનું મૂલ્યાંકન માંટે માર્ગદર્શન આપે છે.

NAAC દ્વારા મૂલ્યાંકન થયેલ કોલેજ અને યુનિવર્સિટી એક આગવું ધોરણ પ્રાપ્ત કરે છે. ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ તેની તાકાત, નબળાઈ, તક અને પડકારોનું વિશ્લેષણ કરી અને તેમાં સુધારો લાવવા માટે પ્રયત્નશીલ બને છે. હવે પછીના વિભાગમાં NAAC દ્વારા થતી મૂલ્યાંકન પ્રક્રિયા વિશે રજૂઆત કરવામાં આવી છે.

❖ **NAAC મૂલ્યાંકન:**

મૂલ્યાંકન માટે નોંધણી કરાવતી સંસ્થા ત્રણ તબક્કે મૂલ્યાંકન પ્રક્રિયામાં જોડાય છે. સંસ્થાના સૌ કર્મચારીઓ સાથે મળીને ખૂબ બારીકાઈથી સંસ્થાની સુવિધાનો, સંસ્થાએ કરેલી પ્રવૃત્તિઓનો સ્વ-અભ્યાસ કરે છે. NAAC મૂલ્યાંકન માટેના ત્રણ તબક્કા નીચે મુજબ છે.

૧) મૂલ્યાંકન માટે તૈયારી બતાવતી સંસ્થાએ Self Study Report (SSR) તૈયાર કરવો અને આકારણી માટે NAAC ને મોકલવો.
૨) Self Study Report માં રજૂ થયેલી વિગતો તપાસવા માટે નિષ્ણાતોની (Peer Team) ની મૂલાકાત
૩) NAAC ની કારોબારી સમિતિનો સંસ્થા માટેનો મૂલ્યાંકન માટે અંતિમ નિર્ણય.

NAAC દ્વારા સંસ્થાની મુલાકાતે આવેલા નિષ્ણાતો (Peer Team) સંસ્થાએ મોકલેલા Self Study Report ને આધારે ચોક્કસાઈપૂર્વક પ્રમાણિત કરે છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થા NAAC મૂલ્યાંકન માટે NAAC સંસ્થાએ આપેલ માર્ગદર્શક રૂપરેખા પ્રમાણે સંસ્થાની વિગતો એકઠી કરીને Self Study Report તૈયાર કરે છે. NAAC સંસ્થા મૂલ્યાંકન માટે તૈયાર થયેલી સંસ્થાને માપદંડોને આધારે મૂલ્યાંકન માટે મદદ કરે છે. સંસ્થા માટે મૂલ્યાંકન પ્રક્રિયા દરમિયાન નીચેના જેવી બાબતોમાં NAAC મદદરૂપ બને છે.

- સંસ્થાને તેની તાકાત, નબળાઇ અને તકની જાણકારી માટે મદદ કરે છે.

- સંસ્થાના આંતરિક આયોજન અને સ્ત્રોતની જાણકારી.
- નાણાંકીય સ્ત્રોત માટેની જાણકારી અધ્યાપનમાં નૂતન પદ્ધતિ અને નાવીન્યકરણ.
- સંસ્થાની આગવી ઓળખ અને ચોક્કસ દિશા સમાજને ગુણવત્તાયુક્ત શિક્ષણની જોગવાઈ.
- સંસ્થામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે યોગ્ય અને સક્ષમ વ્યક્તિઓની નિમણૂક.
- સંસ્થાઓ વચ્ચેના આંતરિક સંબંધોનું સંવર્ધન.

NAAC મૂલ્યાંકનની પ્રક્રિયા સમગ્રલક્ષી, વ્યવસ્થિત, હેતુલક્ષી, માહિતીલક્ષી, પારદર્શક અને સંસ્થાકીય સુધારણા માટેની પ્રક્રિયા છે. NAAC મૂલ્યાંકન માટે ત્રણ તબક્કાની રચના કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

1) પ્રથમ તબક્કો : (IIQA Application and SSR Preparation)

પ્રથમ તબક્કામાં સંસ્થા મૂલ્યાંકન માટે અરજી તૈયાર કરે છે અને મૂલ્યાંકન માટેનું આયોજન કરે છે. આ માટે ગુણવત્તા ચકાસણી માટેની સંસ્થાકીય માહિતી (IIQA-Institution Information for Quality Assessment) અંગેની અરજી કરે છે જે NAAC દ્વારા ચકાસણી કર્યા બાદ જો યોગ્ય જણાય તો સ્વમૂલ્યાંકન અહેવાલ (SSR-Self Study Report) માટે અરજી કરવાનું સૂચન કરે છે, અને જો યોગ્ય ન જણાય તો IIQA અંગેની અરજી ફરીથી કરવાનુ સૂચવવામાં આવે છે. NAAC ના મતે પ્રથમ તબક્કામાં જ સંસ્થા મૂલ્યાંકન માટે યોગ્ય ના હોય તો જે તે બાબતની સુધારણા માટે અને ગુણવત્તાની કક્ષા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. ત્યારબાદ સંસ્થાના મૂલ્યાંકન માટે યોગ્ય મદદ અને સલાહ NAAC આપે છે. તે બાદ સંસ્થા NAAC દ્વારા તૈયાર કરેલ માળખા મૂજબનો SSR તૈયાર કરે છે અને તે સાથેની જરૂરી માહિતી પોતાની website ઉપર મૂકે છે.

2) બીજો તબક્કો: (Student Survey and Data Validation)

સંસ્થા પોતાની સંસ્થાના વિદ્યાર્થીઓ પર Student Satisfaction Survey કરે છે અને માહિતી એકઠી કરે છે. આ તમામ માહિતીની અને સંસ્થા દ્વારા તૈયાર કરેલ SSRનુ NAAC ધ્વારા પૃથ્થકરણ કરી માન્યતા અને ચકાસણી કરવામાં આવે છે અને તેને માત્રાત્મક(Quantitative) આંક આપે છે.

3) ત્રીજો તબક્કો: (Assessment, Evaluation and Certification)

NAAC ટીમ સંસ્થાની મુલાકાત લઈ સંસ્થાએ રજૂ કરેલા સ્વ-મૂલ્યાંકન અહેવાલ (SSR) પ્રમાણે તથા સંસ્થાએ કરેલી રજૂઆતને આધારે વ્યાપક મૂલ્યાંકન કરી સંસ્થાને અહેવાલ આપે છે અને તેને ગુણાત્મક (Qualitative) આંક આપે છે.

4) ચોથા તબક્કામાં NAAC ટીમના અહેવાલ પ્રમાણે ગુણાત્મક આંક અને માત્રાત્મક આંકને આધારે ગ્રેડ (Cumulative Grade Point Average - CGPA) નક્કી કરવામાં આવે છે અને જે સંસ્થા યોગ્ય જણાય તે સંસ્થાને પાંચ અથવા સાત વર્ષ માટે NAAC મૂલ્યાંકન અંગેનુ પ્રમાણપત્ર આપવામાં આવે છે અને જે સંસ્થા યોગ્ય ન જણાય તેને પ્રમાણિત કરવામા આવતી નથી અને તે સંસ્થાએ નવેસરથી અરજી કરવાની રહે છે.

NAAC એ મૂલ્યાંકન પ્રક્રિયાના ભાગરૂપે નીચે મૂજબના સાત માપદંડો આપ્યા છે: (૧) અભ્યાસક્રમ, (૨) અધ્યયન - અધ્યાપન અને મૂલ્યાંકન, (૩) સંશોધન, સલાહ અને વિસ્તરણ, (૪) માળખાકીય સુવિધા અને અદયયન સ્રોત, (૫) વહીવટી બાબત અને નેતૃત્વ, (૬) વિદ્યાર્થીની પ્રગતિ, (૭) નાવીન્યીકરણ.

- **NAAC મૂલ્યાંકનમાં નાવીન્યીકરણ:**

1. NAAC કમિટી દ્વારા સંસ્થાની મૂલાકાત દમ્યાન થતી કામગીરીની વિડીયોગ્રાફી

- તારીખ ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૬થી NAAC કમિટી દ્વારા સંસ્થાની મૂલાકાત દરમ્યાન થતી તમામ કામગીરીની વિડીયોગ્રાફી કરી સંસ્થાઓએ તેને CD/DVD/Pen-drive સ્વરૂપે NAAC કમિટીને એ જ સમયે આપવાની રહે છે.

2. સંસ્થાના ગ્રેડ અને માન્યતા સ્થિતિ (Institutional Grades and Accreditation Status)

| Range of Institutional Cumulative Grade Point Average (CGPA) | Letter Grade | Status |
|---|---|---|
| 3.51-4.00 | A++ | Accredited |
| 3.26-3.50 | A+ | Accredited |
| 3.01-3.25 | A | Accredited |
| 2.76-3.00 | B++ | Accredited |
| 2.51-2.75 | B+ | Accredited |
| 2.01-2.50 | B | Accredited |
| 1.51-2.00 | C | Accredited |
| ≤ 1.50 | D | Not Accredited |

- **ગુણવત્તા સંવર્ધન માટે NAAC ની ભૂમિકા:**

૨૦ મી સદીના પાછલા વર્ષોથી વિશ્વના ફલક ઉપર ગુણવત્તાના મૂલ્યાંકનનો બહોળો પ્રચાર થયો છે. ગુણવત્તા સંદર્ભે શરૂ થયેલી ચળવળને ભારતમાં ગુણવત્તા સંસ્કૃતિ સંવર્ધન તરીકે ઓળખવામાં આવી. ૨૦મી સંદીના છેલ્લા દસકામાં એ ચળવળ સાકાર થઈ અને ૧૯૯૪માં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની ગુણવત્તાના મૂલ્યાંકન માટે NAAC ની સ્થાપના થઈ. એ સાથે જાહેરક્ષેત્રની ગુણવત્તાના મૂલ્યાંકન માટે પણ કટલીક સંસ્થાઓ સ્થાપવામાં આવી. ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ગુણવત્તા જાળવવી, બાહ્ય અને આંતરિક ગુણવત્તાનું મૂલ્યાંકન, સંવર્ધન અને નાવીન્ય એ NAAC નું દર્શન છે. ગુણવત્તા સંવર્ધન સંદર્ભે ભારતમાં ઉચ્ચ શિક્ષણની ઘણી બધી સંસ્થાઓએ NAAC દ્વારા મૂલ્યાંકન કરાયું છે. NAAC ના માપદંડ પ્રમાણે અપાતી ગ્રેડ પદ્ધતિ શિક્ષણની સંસ્થાઓને ગુણવત્તા સંવર્ધનના લક્ષ્ય સુધી પહોંચવા પ્રેરણા આપે છે. ભારતમાં સંસ્થાકીય ગુણવત્તા મૂલ્યાંકન પદ્ધતિ ઘણી પ્રચલિત બની છે. પણ ઘણી માન્યતાઓ એવી પણ છે કે આ પદ્ધતિ સારી અને નબળી સંસ્થાઓને એમની કક્ષા પ્રમાણે ગોઠવી શકતી નથી. છતાં NAAC દ્વાર! કરાયેલ મૂલ્યાંકન પધ્ધતિનો કોઈ વિકલ્પ નથી છતાં NAAC સંસ્થાઓનું મૂલ્યાંકન કરી ઓળખ આપે છે એને બંને પ્રકારની સંસ્થાઓને અરસ-પરસ અભિનંદન આપે છે. હકીકતમાં મૂલ્યાંકન એ સતત અને સુંદર લયની ઈરછા રાખે છે. સુધારણાની જરૂરિયાત એ યોગ્ય માપન છે. એથી જ સાચે કહેવાય છે કે જો તેને માપી ન શકો તો તમે તેને સમજી ના શકો, જો તમે સમજી ના શકો તો તમે તેને નિયંત્રિત ના કરી શકો, જો તમે નિયંત્રિત ના કરી શકો તો તમે તેને સુધારી ના શકો. ગુણવત્તાના માપન માટે આપણે સતત બે પ્રશ્નો પૂછવા જોઈએ.

(૧) શુંતમે યોગ્ય વસ્તુનું માપન કરો છો?

(૨) શુંતમે તેને ચોક્કસાઈપૂર્વક માપો છો?

NAAC સતત સુધારણા માટે કાર્યરત છે. NAAC એ માપન માટેના માપદંડોને સતત અધ્યતન બનાવે છે. પરિણામે ૧લી એપ્રિલ ૨૦૦૭ થી Cumulative Grade Point Average (CGPA) વ્યવસ્થા અમલી બની છે. સાથે જ સંસ્થાના કાર્યક્રમોનું માપન વધુ સખત અને વિશ્વસનીય બન્યું છે. સંસ્થાઓના NAAC મૂલ્યાંકન માટેના કારણો નીચે પ્રમાણે છે.

- સિદ્ધિ અને શ્રેષ્ઠતા માટેની ઓળખ.
- વિશેષતા અને મર્યાદાઓ સમજીને સ્વ-સુધારણા.
- સંસ્થાની પ્રતિષ્ઠાનું નિર્માણ કરી વિધાર્થીઓને આકર્ષવા.
- આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરી વિધાર્થીઓને પરદેશની યુનિવર્સિટીઓમાં મોકલવા.
- સરકાર અને નાણાંકીય સંસ્થાઓ તરફથી પ્રેરણા મેળવવી.
- કેટલીક રાજ્ય તરફથી આગ્રહ.
- સ્વાયત યુનિવર્સિટીનો દરજ્જો મેળવવા માટેની પૂર્વશરત અને UGC ની માન્યતા માટે અથવા જે-તે યુનિવર્સિટીની કાયમી જોડાણ માટે.

NAAC દ્વારા મૂલ્યાંકન થયેલ સંસ્થા અધ્યયન - અધ્યાપનમાં ગુણાત્મક સિદ્ધિને મહત્ત્વ આપે છે.

### સંદર્ભ


I. Balmo Handas, V. & Sharma M. (2012) Quality Teachers : A must for quality higher education, University News, 50 (33).
II. Belavatagi, M. B. & Kolur V. K. (2010) Re-accreditation of Higher Education Institutions : New Avenues, University News, 48 (38).
III. Benjamin,J.(2011).NAAC: Quality Regulator of Higher Learning, University News,49(07).
IV. Kurhade, M. S. (2011) Universities in Need of Resurgence, University News, 49 (19).
V. NAAC (2007) New Manual for Assessment and Accreditation for University.
VI. UGC (2003) Higher Education in India, New Delhi.
VII. www.naac.gov.in (Accessed date 05-05-2018)


*******************************************************************************************


કૃપલ મેકવાન

અધ્યાપક સહાયક

સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિર

નડિયાદ


Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat